ઇન્દિરા આવાસ યોજનાની સહાયનું
હપ્તાવાર ચુકવણું કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક.CRD-૧૦-૨૦૧૪-૫૭૫૭૦૬-IAY-ખ.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૦/૧૦/૨૦૧૪

વંચાણે લીધાઃ

(૧) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૦/૧૭૬/લ, તા.૩૧/૧/૨૦૧૧.
(૨) ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંકઃ એફ નં.જે.૧૧૦૧૪/૨/૨૦૧૨.આરએચ, તા.૪/૨/૨૦૧૩
(૩) ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ ઇન્દિરા આવાસ યોજનાની ગાઇડ લાઇન્સ, જૂન-૨૦૧૩
(૪) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃઆઇએવાય/૧૦૨૦૧૩/એસએફએસ-૨૦/ખ.૨, તા.૦૮/૦૮/૨૦૧૩.
(૫) માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજયની નોંધ ઉપર મળેલ મંજુરી.

સુધારા ઠરાવઃ

પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક-૧ના તા.૩૧/૧/૨૦૧૧ના ઠરાવથી ઇન્દિરા આવાસ તથા રાજય પુરસ્કૃત વિવિધ આવાસ યોજનાઓમાં ચૂકવણાંની પધ્ધતિ અંગે ઠરાવ કરવામાં આવેલ છે. ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક-૨થી ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ઇન્દિરા આવાસ યોજનાની યુનિટ કોસ્ટ તા.૧/૪/૨૦૧૩થી રૂા.૪૫,૦૦૦/-થી વધારીને રૂા.૭૦,૦૦૦/-કરેલ છે. ઉકત વંચાણે લીધેલ ક્રમાંક-૨ના ભારત સરકારના પત્ર અનુસાર તેમજ આઇએવાયની વંચાણે લીધેલ ક્રમાંક-૩ની ગાઇડ લાઇન્સ ધ્યાને લઇ લાભાર્થીઓને ચુકવવાની સહાયની રકમના હપ્તામાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક-૪થી લાભાર્થીઓને ચુકવવાની સહાયની રકમના હપ્તા નકકી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક-૫થી ઇન્દિરા આવાસ યોજનાના લાભાર્થીના બીજા હપ્તાની ચુકવણી લીંટલ લેવલ સુધીના બાંધકામ તથા શૌચાલય બાંધકામ પુર્ણ કર્યેથી ચુકવણી કરવા મંજુરી મળેલ છે.

હવે વંચાણે લીધેલ ક્રમાંક-૪ પરના આ વિભાગના તારીખ:૮/૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:આઇએવાય-૧૦૨૦૧૩-એસએફએસ-૨૦-ખ.૨ માં સુધારો કરી નીચેના લેવલે બાંધકામ પહોંચેથી તબકકાવાર નિયમોનુસાર ચુકવણું કરવા આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રથમ હપ્તો:-રૂા.૧૭,૫૦૦/-<br>(યુનિટ કોસ્ટના ૨૫%થી વધે નહી તે રીતે) | (વહીવટી મંજુરીના હુકમ સાથે) |
| ૨. | બીજો હપ્તો:-રૂા.૪૨,૦૦૦/-<br>(યુનિટ કોસ્ટના ૬૦%થી ઓછુ ન હોય નહી તે રીતે) | (આવાસનું બાંધકામ લીંટલ લેવલે પહોંચ્યા બાદ અને શૌચાલય બાંધકામ પૂર્ણ થયેથી) |
| ૩. | ત્રીજો હપ્તો:-રૂા.૧૦,૫૦૦/-<br>(યુનિટ કોસ્ટના ૧૫%થી વધે નહી તે રીતે) | (આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી અને લાભાર્થી મકાનમાં રહેવાનું ચાલુ કરે ત્યારે) |

આ ઠરાનો અમલ ચાલુ નાણાંકીય વર્ષ:૨૦૧૪-૧૫થી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૮/૮/૨૦૧૪ ની નોંધથી સરકારશ્રીની મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.આર.ભગોરા)
નાયબ સચિવ
પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રી, ગુજરાત રાજયના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં.૧૬/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૧૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- ચેરમેન-વ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી મારફતે)
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામ (કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી મારફતે)
- સચીવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ (નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી મારફતે)
- ખ.૨ /બજેટ /નાણાં શાખા, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે અધિકારીશ્રીઓ-શાખાઓ
- સિલેકટ ફાઇલ

D/My File